# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 07-04-2024 Evening : 7.50 to 8.00
Day : Sunday National News

### આકાશવાણી સમાચાર SANSKRUTI BHUNDIYA વાંચે છે.

**********************************************************************

- લોકસભાની આગામી ચુંટણી માટેનો પ્રચાર વેગવાન બન્યો છે. વિવિધ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો પોતાના પક્ષના ઉમેદવાને વિજય અપવવા જોરશોરથી પ્રચાર કરી રહયાં છે.
- માઇક્રોસોફ્ટે ચેતવણી આપી છે કે ચીન, આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સ ધ્વારા ભારત, અમેરિકા અને દક્ષિણ કોરિયામાં ચુંટણી પ્રક્રિયા ખોરવી નાંખવાનો પ્રયાસ કરી રહયું છે.
- લશ્કરની ત્રણેય પાંખોનું સંયુકત સંમેલન પરિવર્તન ચિંતન આવતીકાલે નવી દિલ્હીમાં મળશે.
- આજે વિશ્વ આરોગ્ય દિવસ છે. વૈશ્વિક સ્વાસ્થ્ય જાગૃતિ વધારવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CHINA LS ELECTION

માઇક્રોસોફ્ટે ચેતવણી આપી છે કે ચીન, આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સ ધ્વારા ભારત, અમેરિકા અને દક્ષિણ કોરિયામાં ચુંટણી પ્રક્રિયા ખોરવી નાંખવાનો પ્રયાસ કરી રહયું છે. ચીને તાઇવાનની રાષ્ટ્રપતિની ચુંટણી દરમિયાન પરિણામો પર અસર પાડવા માટે આર્ટીફિશીયલ ઇન્ટેલિજન્સ ધ્વારા પ્રયોગ હાથ ધર્યો તે પછી આ ચેતવણી આપવામાં આવી છે.

આ વર્ષ યુરોપીય સંઘ ઉપરાંત વિશ્વના ઓછામાં ઓછા ૬૪ દેશોમાં ચુંટણી યોજાવાની છે એ દેશમાં બધુ મળીને વિશ્વના લગભગ ૪૯ ટકા લોકો રહે છે.

માઇક્રોસોફટની ગપ્તચર ટુકડીએ જણાવ્યા મુજબ ચીનનો ટેકો ધરાવતા સાયબર ગ્રુપ ઉત્તર કોરિયાના સહયોગથી આ વર્ષે અનેક ચુંટણીઓને નિશાન બનાવી શકે છે. માઇક્રોસોફ્ટે કહયું કે ચીન, પોતાના હિતમાં લોકમત બદલવા માટે સોશિયલ મીડિયા ધ્વારા આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ ધ્વારા સર્જવામાં આવેલી સામગ્રી પ્રસારિત કરે તેવી આશંકા છે.

આર્ટીફિશીયલ ઇન્ટેલિજન્સ ટેકનોલોજી ધ્વરા ડીપ ફેક ધ્વારા ખોટી અને બનાવટી ઘટનાઓ સહિત નિરાધાર નિવેદનો તૈયાર કરવામાં આવે છે.

# BIHAR VICE PRESIDENT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે યુવાન વ્યાવસાયિકોને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાના પ્રયાસમાં સહભાગી બનવાની અપીલ કરી છે. આજે

બિહારના બોધગયામાં ભારતીય વ્યવસ્થાપન સંસ્થાના છઠ્ઠા પદવીદાન સમારંભમાં તેમણે કહ્યું કે, આજે વિદ્યાર્થી અને યુવાનો જ ભારતનું ભવિષ્ય છે. તેમણે ભારતની વિકાસ ગાથામાં નવુ પ્રકરણ લખવા માટે પોતાના કોશલ્ય અને પ્રતિભાનો ઉપયોગ કરવાનો વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો.

આ પહેલા ઉપરાષ્ટ્રપતિએ પદવીદાન સમારંભમાં એમબીએ ના વિદ્યાર્થીઓને ડિગ્રી પ્રદાન કરી. આ પ્રસ;ગે બિહારના રાજયપાલ રાજેન્દ્ર આર્લેકર, બોધગયાના ભારતીય વ્યવસ્થાપન સંસ્થાનના અધ્યક્ષ ઉદય કોટક અને નિયામક વિનીતા સહાય હાજર હતા. ઉપરાષ્ટ્રપતિએ બોધગયામાં વિશ્વપ્રસિધ્ધ મહાબોધિ મંદિરમાં પુજા –અર્ચના કરી.

# ELECTION

લોકસભાની આગામી ચુંટણી માટેનો પ્રચાર વેગવાન બન્યો છે. વિવિધ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો પોતાના પક્ષના ઉમેદવાને વિજય અપવવા જોરશોરથી પ્રચાર કરી રહયાં છે.

પ્રધાનમંત્રી તેમજ ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ આજે બિહારના નવાદામાં જબપાઇગુડીના ધુપગુડી બ્લોકના ઝુમુરમાં જાહેર સભાને સંબોધન કર્યુ. તેમણે મધ્યપ્રદેશના જબલપુર મતવિસ્તારમાં રોડ-શો પણ કર્યો.

દરમિયાન કોંગ્રેસ આજે લોકસભાની આગામી ચુંટણી માટે ત્રણ ઉમેદવારોની યાદી બહાર પાડી. કોંગ્રેસે પશ્ચિમ બંગાળમાં બનગાવથી પ્રદીપ બિશ્વાસ, ઉલુ બેરિયાથી અઝહર મલિક અને ઘાટાલથી ડોકટર પાપિયા ચક્રવર્તીને ઉમેદવાર તરીકે ઉભા રાખ્યા છે.

ભગવાનગોલા વિધાનસભા મતવીસ્તારની પેટા ચુંટણીમાં અંજુ બેગમ, કોંગ્રેસના ઉમેદવાર હશે.

આ બાજુ તૃણમુળ કોંગ્રેસના પ્રમુખ મમતા બેનર્જીએ આજે પુરૂલિયામાં પોતાના પક્ષના ઉમેદવાર શાંતિરામ મહતોના સમર્થનમાં યોજવામાં આવેલી જાહેરસભાને સંબોધન કર્યું.

ઉત્તરાખંડની બધી પાંચ લોકસભા બેઠકો પર ચુંટણી પ્રચારે વેગ પકડયો છે. રાજકીય પક્ષો ઉપરાંત અપક્ષ ઉમેદવારો પણ પોતાનો પ્રચાર જોરશોરથી કરી રહયાં છે.

કેરળમાં ભાજપના નેતૃત્વ હેઠળ એનડીએ તેમજ કોંગ્રેસના નેતૃત્વ હેઠળ યુડીએફ તેમજ ડાબેરી પક્ષોના નેતૃત્વ હેઠળ એલડીએફનો ચુંટણી પ્રચાર ચાલુ છે. કેરળમાં લોકસભાની બીજા તબકકાની ચુંટણી ર૬મી એપ્રિલે હાથ ધરાશે, જયારે ઉમેદવારી પત્ર પાછા ખેંચી લેવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે.

# CDS

લશ્કરની ત્રણેય પાંખોનું સંયુકત સંમેલન પરિવર્તન ચિંતન આવતીકાલે નવી દિલ્હીમાં મળશે. એક દિવસીય આ સંમેલનનો ઉદેશ્ય લશ્કરની ત્રણેય પાંખોનું સંસંકલન બહેતર બનાવવા નવા વિચારો, નવી પહેલો અને સુધારાઓ પર ભાર મુકવાનો છે. આ સંમેલનનું અધ્યક્ષપદ સંરક્ષણ પ્રમુખ જનરલ અનિલ ચૌહાણ સંભાળશે.

લશ્કરની ત્રણે પાંખોના પ્રમુખો લશ્કરી કાર્ય વિભાગ અને સંકલિત સંરક્ષણ કર્મચારી ગણના મુખ્ય મથકોનું આ પહેલુ સંમેલન હશે. આ સંમેલનમાં લશ્કરોના જુદા જુદા સ્તરના અધીકારીઓ પોતાના અનુભવોનું વર્ણન કરશે તેમજ એકીકૃત વ્યવસ્થાને કાર્યરૂપ આપવા સંબંધે સુચનો રજુ કરશે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, ભારતીય સશસ્ત્ર દળ, ભવિષ્યના યુધ્ધો માટે તૈયારી કરી રહયું છે. તે દ્રષ્ટીએ સંયુકત અભિયાન માટે લશ્કરના ત્રણેય અંગો વચ્ચેનું સુસંકલન મજબુત કરવા માટેના પ્રયાસો કરવામાં આવી રહયાં છે.

# HOCKEY

હોકીમાં પર્થમાં પાંચ મેચની શૃંખલાની બીજી મેચમાં આજે ઓસ્ટ્રેલિયાએ ભારતને ૪-૨ થી પરાજય આપ્યો છે. આ શૃંખલાની ત્રીજી મેચ પર્થમાં જ બુધવારે રમાશે.

# Manipur Lok Sabha Elections

મણિપુરનીબે બેઠકો માટે લોકસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાશે અને આંતરિક મણિપુર સંસદીય મતવિસ્તારની બેઠક માટે 19મી એપ્રિલના રોજ મતદાન યોજાશે.

અમારા ઇમ્ફાલનાં સંવાદદાતાના જણાવ્યા અનુસાર આંતરિક મણિપુર લોકસભા મતવિસ્તારના મતદારોની કુલ સંખ્યા નવ લાખ 89 હજાર 887 છે, જેમાં પાંચ લાખ 16 હજાર 150 મહિલા મતદારોનો સમાવેશ થાય છે. આ બેઠક માટે ત્રણ અપક્ષ ઉમેદવારો સહિત છ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે.

# WORLD HEALTH DAY

આજે વિશ્વ આરોગ્ય દિવસ છે. વૈશ્વિક સ્વાસ્થ્ય જાગૃતિ વધારવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષની થીમ છે 'મારું સ્વાસ્થ્ય, મારો અધિકાર' જે વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઇઝેશન દ્વારા જાહેર કરવામાં આવી છે.

WHOએ હાઇલાઇટ કર્યું છે કે, 140 થી વધુ દેશોએ તેમના બંધારણમાં સ્વાસ્થ્યને માનવ અધિકાર તરીકે માન્યતા આપી હોવા છતાં, ઘણા દેશો આરોગ્ય સંભાળની સેવા પ્રદાન કરવા માટે કાયદાઓ પસાર નથી કરી રહ્યા. જે પરિસ્થિતિ આબોહવા સંકટને કારણે વધુ ગંભીર બની  છે.

આ તકે આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતાં નવી દિલ્હી એઈમ્સના પ્રોફેસર ડૉ. રીમા દાદાએ જણાવ્યું હતું કે, જીવનશૈલીમાં મુખ્ય ફેરફારો અને યોગ જેવી પદ્ધતિઓ અપનાવવાથી રોગોને હરાવવામાં મદદ મળી શકે છે જે હાલ ખાસ કરીને યુવાનોમાં ચિંતાજનક દરે વધી રહી છે .

## AAP - BJP - PROTEST

આમ આદમી પાર્ટીએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની કથિત દારૂ કૌભાંડમાં ધરપકડના વિરોધમાં એક દિવસીય સામૂહિક ઉપવાસનું આયોજન કર્યું હતું. આતિશી, સંજય સિંહ અને ગોપાલ રાય સહિત પાર્ટીના નેતાઓએ આજે સવારે નવી દિલ્હીમાં જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કર્યું હતું. પક્ષના કાર્યકર્તાઓને સંબોધતા સંજય સિંહે આરોપ લગાવ્યો કે દારૂ નીતિ કૌભાંડમાં તમામ પુરાવા અને નિવેદનો સાથે ચેડા કરવામાં આવ્યા છે અને બનાવટી છે. તેમણે કેન્દ્ર પર સરકારી સંસ્થાઓનો દુરુપયોગ કરવાનો પણ આરોપ લગાવ્યો હતો.

દરમિયાન, ભારતીય જનતા પાર્ટીએ થિત દારૂ કૌભાંડ અને સરકારી ભંડોળના દુરુપયોગ માટે શ્રી કેજરીવાલ વિરુદ્ધ નવી દિલ્હીના પાલિકા માર્કેટમાં વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું. ભારતીય જનતા પાર્ટી ના નેતા બાંસુરી સ્વરાજે આરોપ લગાવ્યો કે દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર ભ્રષ્ટાચારનો પર્યાય છે.

## J & K LS ELECTION

જમ્મુ કાશ્મીરમાં પોલીસ દળની વિદ્રોહને અંકુશમાં લેવા માટે સવિશેષ તાલીમ પ્રાપ્ત કરેલી મહિલા કર્મચારીઓની નાનકડા વિશેષ કાર્યજુથ – એસઓજી ગોઠવી દેવામાં આવી છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે લોકસભાની આગામી ચુંટણી પહેલા ગોઠવવામાં આવેલી આ ટુકડીમાં આઠ મહિલા સભ્યો છે. તેમને સંપુર્ણ પણે સ્વયંસંચાલિત હથિયારો તેમજ બુલેટ – પ્રુફ જેકેટસથી સુસજીત કરવામાં આવ્યા છે. જમ્મુ સંસદીય બેઠક માટે મતદાન ૨૬મી એપ્રિલે થવાનું છે.

## ECI-SOCIAL MEDIA

આગામી લોકસભાની ચૂંટણીમાં યુવાનો અને શહેરી મતદારોની ભાગીદારી વધારવા માટે ચૂંટણીપંચે સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ઉપર અનેક નવીન અને અનોખી ઝુંબેશ શરૂ કરી છે.. ચૂંટણી પંચ ટર્નિંગ 18 અને યુ આર ધ વન જેવા અભિયાનોના માધ્યમથી ચૂંટણીપંચના લોકપ્રિય આઇકોન અને જેમ Z સામગ્રીનો ઉપયોગ કરીને અનુરૂપ સંદેશાઓ તૈયાર કરી રહ્યું છે.

ચૂંટણી પંચના ટર્નિંગ 18 અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને આગામી ચૂંટણીઓમાં ભાગ લેવા પ્રેરિત કરવાનો છે અને ગત ચૂંટણીઓમાં જોવા મળેલા શહેરી અને યુવા મતદારોની ઉદાસીનતાના નિર્ણાયક મુદ્દાઓને શોધવાનો છે.

બીજી તરફ, “તમે એક છો” અભિયાનનો ઉદ્દેશ્ય ચૂંટણી પ્રક્રિયામાં સામેલ વિવિધ લોકોના અમૂલ્ય યોગદાનને ઓળખવાનો છે અને તેની ઉજવણી કરવાનો છે. ચૂંટણી પંચે ચૂંટણી પ્રક્રિયાઓ પર ખોટા સમાચારો અને ખોટી માહિતીને રોકવા માટે પણ ખાસ ઝુંબેશ શરૂ કરી છે.

તાજેતરમાં ચૂંટણીપંચ ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, એકસ અને યુટ્યૂબ જેવા મુખ્ય સોશિયલ પ્લેટફોર્મ ઉપર સક્રિય બનીને યુવા મતદારોને જાગૃત કરી રહ્યું  છે.

## TRIPURA CYCLON

ત્રિપુરામાં અગરતલામાં આજે મતદારો માટે જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે લોકશાહી માટે સાયકલોથોન સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું.

ચુંટણી પંચે મતદારોને વ્યવસ્થિત રીતે કેળવવા તેમજ તેમની ભાગીદારી વધારવાના હેતુથી આ સાયકલોથોનનું આયોજન કર્યું હતું. રાજયના મુખ્ય સચિવ જે.કે.સિન્હાએ આ સાયકલોથોનને લીલી ઝંડી બતાવી રવાના કરી. રાજયના મુખ્ય ચુંટણી અધિકારી, જીલ્લાના ચુંટણી અધિકારી તેમજ જીલ્લા મેજીસ્ટ્રેટ આ સમયે હાજર હતા. આ સાયકલ રેલીમાં ૧૦૦ જેટલા સાયકલ સવારોએ ભાગ લીધો.

## NIA WB

રાષ્ટ્રીય તપાસ સંસ્થા – એનઆઇએ એ પશ્ચિમ બંગાળના ભુપતિનગર વિસ્ફોટ કેસમાં બે આરોપીઓની ધરપકડ બાબતે પોતાના વિરુધ્ધ ગેરકાયદેસર કાર્યવાહી કરવાના આક્ષેપો નકારી કાઢયા છે. એનઆઇએ એ આજે એક નિવેદનમાં કહ્યું કે તેની કાર્યવાહી પ્રામાણિક, કાયદેસર અને કાયદેસર ધોરણે ફરજીયાત છે. આ કેસ ડિસેમ્બર ૨૦૨૨ માં નાકબીલા ગામમાં કાચા બોમ્બ બનાવવાને કારણે ત્રણ જણાના મોત થયા તે અંગેનો છે.

## IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી પૂર્વ, મધ્ય અને દ્વીપકલ્પના વિસ્તારોમાં વાવાઝોડાં, તોફાની પવનો અને કરા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મરાઠવાડા, વિદર્ભ, ઝારખંડ, ગંગૈય પશ્ચિમ બંગાળ, ઓડિશા અને મહારાષ્ટ્રમાં ગુરુવાર સુધી વાવાઝોડાં, વીજળી અને 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે છૂટાછવાયાથી મધ્યમ વરસાદ થઈ શકે છે.

મંગળવાર સુધી ઓડિશા, મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ અને મરાઠવાડામાં છૂટાછવાયા સ્થળોએ કરા પડવાની પણ શક્યતા છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આવતીકાલે તાપમાન 36 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા છે.